BSOGA
Brahmin Samaj of Georgia
Our mission is unity through understanding

# Vichar Shakti

## Combined Edition of
## Feb & May 2017

Quarterly Electronic Magazine of BSOGA

Year: 2017 Issue: 01 / 02



# A message from President of BSOGA 2015-2016 :

Namaste,

Summer Season is on cards. A lot has changed in 2016 and early part of 2017 and will have lasting effects on many of our lives in years to come….our new presidency, new currency notes (India) etc.

2017 will be a year of changes for BSOGA as well.
(1) The term of current Executive team consisting of me, Pradipbhai Sevak (VP), Pradjipbhai Joshi(Secretary) and Dr. Niranjanbhai Dave (Treasurer), will come to an end in April 2017

(2) My team had promised to review and revise Constitution of BSOGA (last revision was in 2011). Under the lead of Smt. Gitaben Kotecha, team of 7 members undertook that process and are ready to present the revised Constitution to our members and seek approval for our future use. (More details inside).

(3) We will adopt to new constitution (once approved in Annual General Meeting)

(4) We will elect new Executive team and Board.

I am very pleased and encouraged by the support each one you have given, to our team in last two years. We have accomplished several things together. Gradually expanding memberships, greater participation in each event, formal fund raising events, increased number of donors, reinstatement of Vichar Shakti (this is its 4th edition), Collaboration with Gujarati Literary Society, Appreciate accomplishments of our youth are examples of our work to support our manifesto. Cannot thank you more or ask for more.

I sincerely want to thank my peers in EC team and Board for their continuous support and guidance. They were the pillars of strength on every actions and decisions for betterment of our Samaj. I look forward to same energy and passion from new team that will be elected for 2017-2018.

I humbly request you to come forward and engage yourselves in active roles to support our Samaj. I am there and will always be there in future, for unconditional service as a member and volunteer to our Samaj. It's an honor for me to serve you all. God Bless BSOGA.

**Rajen Raval**
**President - BSOGA**

# રિશ્તા વહી સોચ નયી

તમને સૌને સ્ટાર પ્લસ ચેનલની આ નાનકડી પંક્તિ તો યાદ હશે જ અને કદાચ અત્યારે વાંચતી વખતે મનમાં ને મનમાં ગણગણતા પણ હશો. કર્ણપ્રિય ગીત ગણગણતી વખતે આપણે ઘણી વાર તેના ગૂઢાર્થને અવગણીએ છીએ.

"રિશ્તા વહી સોચ નયી" આમ છે તો ચાર શબ્દ, પણ વિચારવા જેવા છે અને એની તાકાતને પણ સમજવા જેવી છે. આજે આ 2017ની શરુઆત થઈ ગઈ છે ત્યારે આખીય વાત એક અલગ સંદર્ભમાં કરવી છે. આપણા સમાજના આ મુખપત્રનું નામ જ "વિચાર શકિત"  છે એ જ બતાવે છે કે આપણે સૌ વિચારની શકિતમાં વિશ્વાસ રાખીએ છીએ. કહેવાય છે કે **"Mob has no mentality"** (ટોળાને કોઈ વિચાર નથી હોતો) પણ આપણે ટોળું નથી, સમાજ છીએ અને સમાજ  પાસે એક ચોક્કસ  વિચાર અને એક ધ્યેય હોય છે.

આ લેખ તમે વાંચતા હશો ત્યારે ફેબ્રુઆરી મહીનો શરુ થઇ ગયો હશે. નવું વરસ આમ પણ નવા સંકલ્પો અને નવા વિચારોને અમલમાં મૂકવાનો અવસર હોય છે. નવા વરસની સાથે સાથે આ વરસે આપણો સમાજ નવી કાર્યકારી સમિતિ નું પણ સ્વાગત કરશે. નવી સમિતિ  એટલે નવા વિચારોને અપનાવવાનો સમય. આ વરસે આપણે સમાજની 21મી વર્ષગાંઠ ઉજવીશું. 10 કુટુંબોથી શરુ થયેલી એક યાત્રા  આજે 140 કુટુંબોનાં પડાવ સુધી પહોંચી છે. આ 20 વરસમાં લગભગ 10 પ્રમુખોએ સમાજનો દોર સંભાળ્યો અને બધાના  સહકારથી સમાજ ટકી રહ્યો અને એટલું જ નહી, વધારે સમૃધ્ધ અને મજબૂત પણ થયો. ૨૦ વરસની આ દડમજલ તરફ નજર રાખીને આગળ વધવાનું છે, ઉન્નતિનાં પંથે જ સ્તો!

આપણે  અત્યાર સુધીમાં કેટલીય વાર સાંભળ્યું હશે કે પરિવર્તન સંસારનો નિયમ છે. **"only thing constant in this world is change"** અને આમ છતાં જ્યારે પરિવર્તન સ્વીકારવાનો સમય આવે છે ત્યારે આપણે જાણે અજાણે સારા વિચારોનો કે સારી વાતનો વિરોધ કરી બેસીએ છીએ. કશું નવું કરવાનાં ધ્યેયને, પડકાર ને રુંધવાનાં પ્રયાસ થયા હોય છે એ વાત ઈતિહાસનાં પાનાં પર છે તેમ છતાં સામે વહેણે તરીને નવો ચીલો ચાતરતાં લોકોની યશોગાથાથી પણ આપણે અજાણ નથી.

વ્યક્તિગત રીતે આપણે સૌ સમાજના વિકાસ માટેની ઈચ્છા રાખીએ છીએ તો પછી સાથે મળીને કેમ નહીં ? જાણીતા વક્તા શ્રી કાજલબેન ઓઝાએ કયાંક કહ્યું હતું કે જ્યારે આપણે સારા વિચારોનો કે સારી પ્રવૃત્તિનો વિરોધ કરીએ છીએ ત્યારે આપણે આપણી જ દોરીને ગાંઠ મારીએ છીએ, પણ એ વાત ભૂલી જઈએ છીએ કે આપણે જાતે આપણી દોરી ટૂંકી કરીએ છીએ.

બ્રાહ્મણત્વ માત્ર જનોઈના દોરાઓમાં ગંઠાઈ રાખવાનો વિષય નથી. વેદોની પ્રાર્થનાની જેમ એને ઉર્ધ્વગામી બનાવવાનું છે વિચારક શ્રી ગુણવંતભાઈ શાહ કહે છે એમ, " માણસ જીવનભર ગાંઠો વાળતો રહે છે અને છોડતો રહે છે. પણ છોડવા કરતાં ગાંઠો વાળવાનું પ્રમાણ વધારે હોય છે અને આને કારણે અસ્તિત્વ ગંઠાઈ જાય છે. આવી  ગાંઠોનું પગેરું માણસના અહમ સુધી પહોંચતું હોય છે. અહમ છૂટે તો ગાંઠ છૂટે. વિકાસ માટે નવી નવી ગાંઠો નહી વાળવાની અને જૂની ગાંઠો ઉકેલવાની યુક્તિ આવડવી જોઈએ."

તો આવો, આ નવા સંકલ્પો સાથે, નવા ઉત્સાહ સાથે નવા વરસ, નવા પ્રમુખ અને નવી સમિતીને આવકારીએ. વધુ ને વધુ સંખ્યામાં સાથે મળીને બધા જ પ્રસંગો ઉજવીએ. સમાજને આર્થિક રીતે વધુ મજબૂત બનાવવાની દિશામાં પગલા ભરીએ. આફ્રિકન કહેવતને અનુસરીએ કે ઝડપથી જવું હોય તો એકલા ચાલો, પણ દૂર સુધી જવું હોય તો બધા સાથે મળીને ચાલો.

ગુજરાતી ભાષાનું એક સરસ મજાનું ગીત છે, "સંગાથે સુખ શોધીએ રચીએ એક હૂંફાળો માળો". આમ તો આ ગીત પતિ-પત્ની સંબં ધો માટે લખાયેલું છે, પણ આપણો સમાજ એ આપણું અને આપણા કુટુંબનું એક્સ્ટેન્શન જ છે ને ? આપણે એ માળામાં જ રહીએ છીએ તો પછી પરસ્પરની હૂંફમાં  કેમ વિકાસ ના કરીએ?  આજે જ્યારે સોશિયલ  મીડિયાની બોલબાલામાં ચાર દીવાલો વચ્ચે ખોવાયેલા માણસને પરસ્પરની હૂંફની જ જરૂર છે ત્યારે હાથમાં હાથ મેળવી આપણા ધ્યેય નાં સોપાનો સર કરીએ.

આ આખીય વાત મરીઝ સાહેબનો શેર કેટલી આસાનીથી કહી દે છે,

નવીનતાને ના ઠુકરવો, નવીનતા પ્રાણપોષક છે,<br>
જુઓ કુદરત તરફથી  શ્વાસ પણ જુના નથી મળતા.

Nimish Sevak

## સુખ અને દુ:ખ (મુકેશ જોષી)

સુખ ને દુ:ખની ડબલ સવારી રસ્તા ઉપર જોઇ.
દુ:ખના પગ લાંબાતે સાયકલ પર બેસી પેંડલ મારે જાય
સુખ રૂપાળું કિંતુ નાનુંદુ:ખ પાછળ ઢંકાઇ જાય

સામેથી સાયકલ આવે તો લોકોને થાય કે દુ:ખ આવે છે
કોઇ સમજતું નથી કે દુ:ખ પાછળ બેસાડી સુખ લાવે છે.

દુ:ખ તોફાનીગંમે એને ટપલી મારેધબ્બો મારેજેને ધારે એને એ અડવું ના ચૂકે.
સુખ એના વાદ લઇ અડવા માટે જાયકે ખાલી તાલી દેવા જાય
ત્યાં તો દુ:ખ સાયકલ મારી મુકે.

હવે એક જ દિવસમાં દુ:ખને હજારો જણને મળવાનુંબોલો ધીમી સ્પીડે જાય તો ક્યાંથી ફાવે
સુખને તો બસ બે ચાર જણને મળી લીધું નેસાયકલ પર બેસીને નસકોરા બોલાવે.

તો કદી તમારા ઘરની પાસે સાયકલ પાર્ક કરેલી મળશે
સમજી લેજોસુખ ને દુ:ખની જોડી હમણાં આવી ચડશે.
મળી જાય તો બંને જણનું હૃદય ભરીને સ્વાગત કર જો
બની શકે તો દુ:ખની સાથે બેસી ચા-પાણી કર જો.

સુખની એ મુશ્કેલી છે કે દુરાગ્રહો એ સહી શકે ના
દુ:ખની એ પીડા છે કે સત્કાર મળે ત્યાં એ રહી શકે ના.

વાત બધાય જાણે કિંતુ દુ:ખથી સૌ ડર્યા કરે છે
ને કોઇ મારો સત્કાર કરશે એવી આશા લઇને
સુખયુગો યુગોથી દુ:ખને લઇને સાયકલ ઉપર ફર્યા કરે છે.

# પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય – વામન કદ વિરાટ પ્રતિભા

ગુજરાતના સર્વશ્રેષ્ઠ ગાયક અને સંગીતકાર શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયને ભારત સરકારે નાગરિક સન્માન પદ્મશ્રી થી નવાજ્યા છે. સમગ્ર ગુજરાત અને દેશ-વિદેશમાં વસતા સૌ ગુજરાતીઓ અને બ્રાહ્મણો માટે આ ગૌરવની વાત છે.  13 વરસની નાની ઉંમરે શરૂ થયેલી સંગીત યાત્રા હજુ આજે એંશી વરસે પણ ચાલુ જ છે. જેમ શ્રી અવિનાશ વ્યાસે ગુજરાતને ગાતું કર્યું તે જ રીતે પુરુષોત્તમભાઇએ ગુજરાતીઓને કવિતાથી પરિચિત કરાવ્યા.

હરીન્દ્ર દવે, મનોજ ખંડેરિયા, રમેશ પારેખ, આદિલ મન્સૂરી,અનિલ જોષી જેવા કેટલાય કવિઓની રચનાઓને એમનો કંઠ મળ્યો છે. પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા, નદીની રેતમાં રમતું નગર મળે ના મળે, મારી કોઇ ડાળખીમાં પાંદડા નથી, હવે આંખોમાં અદાલત ભરાશે અમે સ્વપ્નો નીરખવાના ગુના કર્યા છે  જેવા કેટલાય ગીતોને એમણે સ્વરાંકન દ્વારા અમર કર્યા છે.

હિંદી ફિલ્મ જગતના મહાન ગાયકો લતા મંગેશકર , આશા ભોંસલે, મન્નાડે, મુકેશ, મોહમમ્મદ રફી પાસે ગુજરાતી ગીતો ગવડાવ્યા. મશહૂર ગઝલ ગાયિકા બેગમ અખ્તરે માત્ર બે ગુજરાતી ગીતો ગાયા અને આ બંને ગીતોનું સ્વરનિયોજન પુરુષોત્તમભાઇએ કર્યું હતું. વતનઝુરાપો વેઠતા કેનેડા, અમેરિકા, યુરોપના ગુજરાતીઓ  માટે એમણે વરસો સુધી કેટલાય પ્રોગ્રામો કર્યા છે. સુગમ સંગીતની મહેફીલોમાં એમની રમૂજવૃત્તિ પણ એટલી જખીલે છે. એમના અમૃત મહોત્સવ પ્રસંગે એમના પુસ્તકનું વિમોચન લતા મંગેશકરે કર્યું હતું.

નડિયાદની બાજુના નાનકડા ગામ ઉત્તરસંડાથી નીકળેલા બાળકની આ સુરીલી સફરે ગુજરાતી સંગીતને એક અનોખા મુકામે પહોંચાડયું છે. કેટલાય અવરોધો વચ્ચેથી એક નવી જ કેડી કંડારીને નવી પેઢીના ગાયક અને સંગીતકારો માટે હાઇવે તૈયાર કરી આપ્યો છે.  અવિનાશભાઇના આ માનસપુત્રને  આપણા સૌ તરફથી  ખૂબ અભિનંદન.

# Some details on the upcoming Election Process

We plan to host our General Body meeting (GBM) on

Saturday, 8th July 2017

4.00 PM to 8.00 PM

Location of the meeting is

**Pinckneyville Community Recreation Center**
**4650 Peachtree Industrial Boulevard,**
**Berkeley Lake 30096**
**Phone: 678.277.0920**

**AGENDA FOR THE GENERAL BODY MEETING:**

4:00 PM …………………Opening welcome address by the BSOGA Chairman
4:15 PM………………… Summary of 2015-2016 events by the BSOGA President
4:30 PM………………… Presentation of BSOGA TREASURER financial report
5:00 PM………………… Overview of Revised Constitution and Approval
6.00 PM………………… Refreshment and Entertainment
6:30 PM……………….. Election of 2017-2018 Executive Committee
7.30 PM………………… Election of Board of Trustees
8.00 PM…………………Vote of Thanks and Dinner

Key Items at a glance

- Welcome address
- Overview and Reports
- Approval of New Constitution
- Election of 2017-2018 Executive Committee
- Election of Board of Trustees